Divya Bhaskar, Date: 06.03.2018, Page No. 2

ભાસ્કર વિશેષ | NID મેટ્રો ટ્રેનનો લોગો તૈયાર કરશે : મહિનાના અંત સુધીમાં લોગો અને પ્રોજેક્ટની ખાસ ઓળખ ફાઇનલ કરાશે

# મેટ્રો ટ્રેનના લોગોમાં અમદાવાદનો હેરિટેજ વારસો જોવા મળશે

અનિરુદ્ધસિંહ પરમાર | અમદાવાદ

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન (એનઆઇડી) દ્વારા અમદાવાદ મેટ્રોને એક ખાસ ઓળખ આપવા માટે અને મેટ્રો પ્રોજેક્ટ માટે ખાસ લોગો ડિઝાઇન કરવામાં આવી રહ્યો છે. મેટ્રો ટ્રેનના લોગોને ડિઝાઇન કરવાનું કામ મેટ્રો દ્વારા એન.આઇ.ડી.ને આપવામાં આવ્યું છે. સાથે જ આ પ્રોજેક્ટને એક ખાસ ઓળખ આપવા માટેનું કામ પણ એનઆઇડીને આપવામાં આવ્યું છે. એનઆઇડી દ્વારા આઠ મહિનાથી આ લોગો પર કામ ચાલું છે.

ઓગસ્ટ મહિનાથી આપવામાં આવેલા આ કામને એનઆઇડી દ્વારા આ મહિનાના અંતમાં પૂર્ણ કરવામાં આવશે. એનઆઇડી દ્વારા લોગોની ત્રણ ડિઝાઇનને સબમિટ કરાઇ છે. આઇડેન્ટી માટે એનઆઇડી દ્વારા ખાસ રિસર્ચ બાદ એક ઓળખ આપવાનો પણ પ્રયત્ન કરાયો છે.

## આઠ મહિનાનો સમય લાગ્યો લોગો ડિઝાઇન કરવા માટે

મેટ્રો તરફથી ઓગસ્ટ મહિનામાં એનઆઇડીને મેટ્રો માટે લોગો ડિઝાઇન કરવાનું જણાવાયું હતું. સાથે જ આ સમગ્ર પ્રોજેક્ટને ખાસ ઓળખ પણ આપવાનું જણાવ્યું હતું. લોગોની ડિઝાઇન માટે ખાસ રિસર્ચ પણ કરવામાં આવ્યું હતું. આઠ મહિના બાદ માર્ચમાં આ લોગો ફાઇનલ થશે. અત્યારે એનઆઇડી તરફથી ત્રણ લોગો તૈયાર કરીને સબમિટ કરાયા છે.

### હેરિટેજને ધ્યાનમાં રાખીને લોગો બનાવવાનું નક્કી કરાયું

લોગો ડિઝાઇન કરતા પહેલા અમદાવાદ પર ખાસ રિસર્ચ કરાયું હતું. જેમાં અમદાવાદની ઓળખ કઇ કઇ બાબતોની છે તેની નોંધ તૈયાર કરાઇ હતી. જેમાં શહેરને મળેલા હેરિટેજના દરજ્જાને ધ્યાનમાં રાખીને આ લોગો ડિઝાઇન કરવાનું નક્કી કરાયું છે.

### એનઆઇડી આ લોગો પણ ડિઝાઇન કરી ચૂકી છે

આ પહેલા એનઆઇડી દ્વારા આરટીઆઇ એક્ટ, દૂરદર્શન, હિન્દુસ્તાન લિવર, બુલેટ ટ્રેઇન, ગિફ્ટ સિટી, જનમાર્ગ, ઇન્ડિયન એરલાઇન્સ, એફટીઆઇઆઇ, હોલમાર્ક, ઇન્ડિયન ક્રાફ્ટ, આઇપી ઇન્ડિયા વગેરે પ્રોજેક્ટ માટે પણ લોગો ડિઝાઇન કરી ચૂક્યું છે.

### લોગોની ડિઝાઇન તૈયાર થઇ રહી છે

ઓગસ્ટ માસથી મેટ્રો તરફથી આપવામાં આવેલા પ્રોજેક્ટ પર અમે ત્રણ લોગો ડિઝાઇન કરીને સબમિટ કર્યા છે. આવનારા સમયમાં મેટ્રો દ્વારા લોગો ફાઇનલ કરાશે. લોગોમાં હેરિટેજ અમદાવાદની થીમને ધ્યાનમાં રાખવામાં આવી છે. » પ્રદ્યુમન વ્યાસ, ડાયરેક્ટર એનઆઇડી